## સંક્ષિપ્ત સમાચાર

### બોરસદના કિંખલોડ પે સેન્ટરમાં પોક્સો એક્ટ સંદર્ભે તાલીમ આપવામાં આવી



**બોરસદ** | તાલુકાના કિંખલોડ ખાતે આવેલી કિંખલોડ પે સેન્ટર શાળા ખાતે આશાદીપ માનવ વિકાસ કેન્દ્ર વિદ્યાનગર દ્વારા પોક્સો એક્ટ 2012 વિશે તાલીમ યોજવામાં આવી હતી જેમાં ધો.6 અને 8 ના કુલ 254 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પ્રસ્તુત તાલીમમાં ગુડ ટચ, બેડ ટચ, જાતિય શોષણ થતું અટકે તે માટે સગીર વયના વિદ્યાર્થી ભાઇ-બેનોએ કઇ કઇ બાબતે સાવધ રહેવું, જાતિય શોષણનો ભોગ બનીએ તો શું કરવું, પોક્સો અંતર્ગત કઇ કઇ કલમો લાગું પડે છે તેવા અનેક મુદ્દાઓની સમજ આપવામાં આવી હતી. આ પ્રસંગો પી.એમ. શાળાના આચાર્ય ગોવિંદભાઇ ચૌધરી, શિક્ષકો, આશાદીપનો સ્ટાફ તથા એમ.એસ.ડબલ્યુના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

### સ્પેક કેમ્પસમાં એનએસએસ યુનિટ દ્વારા સ્વચ્છતા હી સેવા કાર્યક્રમનું આયોજન



**આણંદઃ** તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત, સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ, બાકરોલ ખાતે એન.એસ.એસ. યુનિટ દ્વારા મારું ભારત ના નેજા હેઠળ સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ નું આયોજન કર્યું હતું. એન.એસ.એસ. યુનિટના સ્વયંસેવકોએ શ્રમસાધના અને સ્વચ્છતા અભિયાન હેઠળ વિવિધ સ્થળો, જેમ કે ઐતિહાસિક સ્થળો, ગોમતી ઘાટ, પાણી ની ટાંકી, નદી, બાગ અને મંદિરની સફાઇ તેમજ ડોર ટૂ ડોર સર્વે તથા શેરી નાટક કર્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સ્પેકના એન.એસ.એસ. સેલના કો-ઓર્ડિનેટર પ્રો. રાજેશ્રી મકવાણા અને પ્રો. ઉર્મિલા પટેલ, તેમજ આઈ.ક્યૂ.એસી કો-ઓર્ડિનેટર પ્રો. ઝંખના શેઠ અને પ્રો. પ્રિયલ ચૌહાણનો મહત્ત્વપૂર્ણ યોગદાન રહ્યો હતો. આ કાર્યક્રમની સફળતા પ્રાપ્ત કરવા બદલ સંસ્થાના ચેરમેન ગિરીશ પટેલ, સેક્રેટરી શિતલ પટેલ તેમજ ટ્રસ્ટીઓ જૈમિન પટેલ, ધર્મેશ પટેલ, વિકાસ પટેલ, બ્રિજેશ પટેલ, ભાવિન પટેલ તથા પ્રિન્સિપાલ ડો. ધવલ પટેલ તથા વાઇસ પ્રિન્સિપાલ ડો. રાહીલ ભૂરા તેમજ સ્ટાફગણ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

### નડિયાદના સલુણ વૈધના કૂવા ખાતે વિકાસ સપ્તાહની ઉજવણી કરવામાં આવી



**નડીઆદ :** સરકારના આદેશ અનુસાર સુશાસનના 23 વર્ષો પૂર્ણ થતાં વિકાસ સપ્તાહની ઉજવણી અનુસંધાને પ્રા.શાળા, વૈધના કૂવા, સલુણ ખાતે બાળકોને શાળાના આ. શિક્ષક રાજેન્દ્રસિંહ ચૌહાણે વિકાસ સપ્તાહ અંતર્ગત પ્રતિજ્ઞા લેવડાવી ગુજરાતના 23 હેરિટેજ સ્થળોની વિસ્તૃતપણે છણાવટ સહ માહિતી આપી હતી. બાળકોને આ અઠવાડિયા દરમ્યાન વક્તૃત્વ સ્પર્ધા , નિબંધ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, ભીંતચિત્રો તથા જિલ્લામાં આવેલ હેરિટેજ સ્થળોની મુલાકાતનું આયોજન હાથ ધરવામાં આવ્યું. શાળાના આચાર્યશ્રી સંજય વાઘેલાએ બાળકોને શાળાના આગામી પ્રવાસ દરમ્યાન સરકાર તરફથી જાહેર કરેલ હેરિટેજ સ્થળોની મુલાકાત લેવાનું જણાવ્યું હતું. આ અંતર્ગત આગામી અઠવાડિયા સુધી શાળામાં વિવિધ કાર્યક્રમો હાથ ધરાશે.

### વીરપુર તાલુકાના ધાટડા પ્રાથમિક શાળાની શિક્ષીકાનો વિદાય સમારંભ યોજાયો



**વીરપુરઃ** વીરપુર તાલુકાના ધાટડા પ્રાથમિક શાળા ખાતે શિક્ષીકા કમળાબેનનો સન્માન અને વિદાય સમારંભ મહિસાગર જીલ્લા પંચાયત પુર્વ પ્રમુખ પ્રતીનીધી એસ બી ખાંટની અધ્યક્ષતામાં યોજાયો હતો. ધાટડા ગામના બાળકોના શિક્ષણ પાછળ 37 વર્ષ સુધી ખંતપૂર્વક મહેનત કરનાર શિક્ષીકા કમળાબેનનો ધાટડા પ્રાથમિક શાળા ખાતે વિદાય સમારંભ યોજાયો હતો. જેમાં ગ્રામજનોએ ડીજેના તાલ સાથે રેલી કાઢી લાડીલા શિક્ષકનો વિદાય સમારંભ યોજ્યો હતો. આ કાર્યક્રમમાં તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી વિઠ્ઠલભાઈ પટેલ, આચાર્ય નિરવ ચૌધરી,બીઆરસી સીઆરસી સહિતના શિક્ષક મિત્રો સહિતના ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે સમારંભ બાદ લાગણી સભર દ્રશ્યો જોવા મળ્યાં હતાં.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

## નડિયાદથી 20 જેટલા ગામોને જોડતા રસ્તાનું તાકીદે સમારકામ કરવા માગણી

# નડિયાદનો મરીડા- હાથજ માર્ગ જર્જરિત બન્યો

**દસ દિવસમાં રોડનું** સમારકામ કરવામાં નહીં આવે તો ગાંધીમાર્ગે આંદોલન કરવાની ચીમકી



(પ્રતિનિધિ) નડિયાદ, તા.17

નડિયાદ શહેરથી મરીડા હાથજનો રસ્તો છેલ્લા ઘણા સમયથી બિસ્માર હાલતમાં હોય સ્થાનિક રહીશો તેમજ વાહન ચાલકો ત્રાહીમામ પોકારી ગયા છે. આ રોડનું સમાર કામ કરવા સ્થાનિક રહીશો દ્વારા જિલ્લા વિકાસ અધિકારી તેમજ કાર્યપાલક ઈજનેર માર્ગ મકાન વિભાગ નડિયાદને રજૂઆત કરવામાં આવી છે.

નડિયાદ શહેરથી મરીડા હાથજ જવાનો રોડ ખેડા જિલ્લા પંચાયત હસ્તક આવેલ છે . આ રોડ ઉપર વીસ જેટલા ગામોના લોકોની અવર જવર રહે છે. આ રોડ પર ભયજનક ખાડા પડી ગયા છે જેથી રોડ પરથી પસાર થતાં વાહનોને ઘણું નુકસાન થઈ રહ્યું છે. આ રોડનું સમારકામ કરવા અનેક વાર લેખીત તેમજ મૌખિક રજૂઆતો કરવા છતાં આ રસ્તાનું નવીનીકરણ કરવા બાબતે ઓરમાયુ વર્તન દાખવવામાં આવી રહ્યાનો આક્ષેપ કર્યો છે.

આ રસ્તાનું કામ ચલાવ ધોરણે રીપેરીંગ કરવા માગણી કરી છે. નડિયાદ મરીડા દરવાજાથી સ્પોર્ટસ કોમ્પ્લેક્સ થઈ અને જામીયા રહેમાનીયા સ્કૂલ પાસેનો રસ્તો એટલો ખરાબ થઈ ગયેલ છે કે સ્કૂલમાં જતા બાળકોની રીક્ષા પલટી ખાઈ જવાની ઘટનાઓ બની રહી છે.જેથી જાનહાનિ થાય તેવી પરિસ્થિતિ ઉભી થયેલ છે આ રસ્તો ૨૦ જેટલા ગામને જોડતો રસ્તો છે. તેમજ આ રોડ પર જિલ્લાનું સૌથી મોટું સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ સાથે હોસ્ટેલ પણ આવેલી છે.

આ સ્પોર્ટસ કોમ્પ્લેક્સમાં ભારતભરમાંથી રમતવીરો રમતો રમવા માટે આવે છે. નડિયાદ-મરીડા - હાથજ રસ્તો ચોમાસામાં સંપૂર્ણ ખરાબ થઈ ગયેલ છે. શહેરના અન્ય રસ્તાઓ પર સમાર કામ કરવામાં આવી રહ્યું છે ત્યારે નડિયાદથી મરીડા હાથજ રોડનું દસ દિવસમાં સમાર કામ કરવામાં નહીં આવે તો સ્થાનિક રહીશોએ ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી આપી છે. આ બાબતે જિલ્લા વિકાસ અધિકારી નડિયાદ તેમજ કાર્યપાલક ઈજનેર, માર્ગ મકાન વિભાગ,જિલ્લા પંચાયત, નડિયાદને રજૂઆત કરવામાં આવી છે.

### ધૂડીયા રસ્તાથી અકસ્માતનો ભય

નડિયાદ શહેરથી મરીડા - હાથજ તરફનો રસ્તો ખૂબ જ જર્જરિત બની ગયો છે. આ ઉપરાંત વરસાદમાં ધોવાઇ જતાં ધૂડીયો બની ગયો છે. આ માર્ગ પરથી પસાર થતાં વાહન ચાલકોને ભારે હાલાકી ભોગવવી પડે છે. ખાસ કરીને ટુ વ્હીલર વાહન ચાલકોને સતત અકસ્માતનો ભય રહે છે. આ માર્ગને તાત્કાલિક રીપેરીંગ કરવા માટે 20 ગામની પ્રજામાંથી માગણી ઉઠી છે અને આ અંગે આંદોલનની પણ ચિમકી ઉચ્ચારવામાં આવી છે.

# લુણાવાડામાં ગટરના ઢાંકણા રસ્તાના લેવલથી ઉપર હોવાથી પરેશાની

**લુણાવાડા** નગરપાલિકાના અણઘણ વહીવટથી પ્રજાજનોમાં રોષ



(પ્રતિનિધિ) લુણાવાડા, તા.17

લુણાવાડા નગરમાં રહીશોની અનેક રજૂઆતો બાદ શ્રી ખોડિયાર નગર સોસાયટીમાં રોડ બન્યો પરંતુ રોડની વચ્ચોવચ રહેલી ગટરના ગોળ ઢાંકણાને એક ફૂટ ઊંચું પ્લાસ્ટર કરી યથાવત સ્થિતિમાં રહેવા દેતા છેલ્લા બે વર્ષથી રહીશો અવરજવર માટે પરેશાન થઈ રહ્યા છે પરંતુ પાલિકા તંત્રના સત્તાધીશો અને અધિકારીઓને રહીશો અવાજ સંભળાતો નથી અને સમસ્યા દેખાતી નથી. શ્રી ખોડિયાર નગર સોસાયટીમાં રોડ બન્યો ત્યારથી ભૂગર્ભ ગટર યોજનાનું રોડ વચ્ચે આવતું ઢાંકણ વચ્ચે અને રોડ લેવલથી એક ફૂટ ઊંચું હતું તેને રોડ સાથે સમાંતર કરવાને બદલે યથાવત સ્થિતિમાં પ્લાસ્ટર કરી દેવામાં આવ્યું. રોડ બન્યો ત્યારે તેમજ ત્યારબાદ પણ અનેક રહીશોએ રજુઆત કરી પરંતુ આ સમસ્યાનો હલ કરવા પાલિકા તંત્ર દ્વારા કોઈ કામગીરી ન કરવામાં આવતા રહીશોમાં ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે. પાલિકા તંત્રની બેદરકારીને પગલે લોકો આંદોલનના મૂડમાં જોવાઈ રહ્યા છે ત્યારે સત્વરે કામગીરીની માંગ ઉઠી રહી છે.

### સોસાયટી વિસ્તારના રહીશો આંદોલન કરશે

અમારી શ્રી ખોડીયાર નગર સોસાયટી ના રહીશોએ આ રોડ વચ્ચોવચ ગટર બાબતે અનેક રજુઆત કરી છે. પહેલી નજરે જ સામાન્ય માણસને પણ દેખાય કે આ ભૂલ છે અને પાલિકા તંત્રની બેદરકારી છે તેમ છતાં લાંબા સમયથી તેનો કોઈ નિકાલ આવ્યો નથી જો આ અંગે સત્વરે કાર્યવાહી નહી કરવામાં આવે તો રહીશો ઉગ્ર આંદોલન કરશે અને આગામી પાલિકા ચુંટણીનો પણ બહિષ્કાર કરશે. **-ગજેન્દ્રસિંહ સોલંકી, સ્થાનિક રહીશ**.

# મહેમદાવાદની મોબાઈલ ચોરીમાં તસ્કર પકડાયો

(પ્રતિનિધિ) નડિયાદ, તા.17

મહેમદાવાદ ખાતે રાત્રીના સમયમાં અંધારાનો લાભ લઈ દુકાનના નકુચાવાળી દિવાલ તોડીને અલગ અલગ કંપનીના મોબાઈલ કિ.રૂા.94.340ના ચોરી થઈ હતી. આ અંગે એકને પકડવામાં સફળતા મળી છે.

મહેમદાવાદ રેલ્વે સ્ટેશન પાસે આવેલ પુજા મોબાઈલ ફોનની દુકાનમાંથી કોઈ તસ્કર અલગ અલગ કંપનીના મોબાઈલ નં.10 કિ.રૂ. 94,340ની મત્તા ચોરી ગયા હતા.આ બાબતે ચિરાગ ચંદ્રકાંત મહેતાએ મહેમદાવાદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. એલ.સી.બી. ની ટીમે ટેકનીકલ વિંગની મદદ લઈ ગુન્હા સંશોધનની કામગીરી હાથ ધરી હતી. જેમાં સીસીટીવી ફુટેઝ મેળવી બારીકાઈથી તપાસવામાં આવેલ જેમાં શંકાસ્પદ લાગતા તમામ ઈસમોની પુછપરછ કરવામાં આવી હતી.ટેકનીકલ ક્લુ મળતા તે દિશામાં તપાસ હાથ ઘરવામાં આવી હતી.આ દરમ્યાન બાતમી મળેલ કે ડભાણ ચોકડી ખાતે એક શંકાસ્પદ ઈસમ કાપડની થેલીમાં રાખેલ બોક્ષ સાથે ઉભો છે. જેથી એલસીબી ખેડા પોલીસે સ્થળ પર ઉભેલ ઈસમની પુછપરછ કરતા જગદિશભાઈ ઉર્ફે વિજય શનાભાઈ ઝાલા રહે.સમસપુર, ઝાલાપરા, ખોડીયાર માતાવાળું ફળીયું, ખેતરમાં તા.મહેમદાવાદ જી.ખેડા હોવાનું જણાવ્યું હતું. આ ઈસમ પાસેની કાપડની થેલીની તપાસ કરતા થેલીમાંથી અલગ-અલગ કંપનીના કુલ-૮ મોબાઈલ ફોન બોક્સ સાથે મળી આવેલ તથા શર્ટના ખીસ્સામાંથી કુલ-૩ મોબાઈલ ફોન મળી કુલ નંગ-૧૧ મોબાઈલ ફોન મળી આવેલ સદર મોબાઈલો બાબતે બીલ/માલીકી સબંધી તેમજ યુક્તી પ્રયુક્તિથી પુછપરછ કરતા પોતે ચોરી કર્યાની કબુલાત કરી હતી.જેથી પોલીસે આરોપીની વધુ તપાસ હાથ ધરી હતી.

# ડેભારીથી ગંધારીના રસ્તાનું 12 વર્ષ બાદ નવીનીકરણ થશે

**રાજ્ય સરકાર** દ્વારા કરોડ રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવી



તસવીરઃ નાથુસિંહ પરમાર

(પ્રતિનિધિ) વીરપુર,તા.17

મહિસાગર જિલ્લાના વીરપુર તાલુકાના ડેભારી તેમજ ગંધારી ગ્રામજનોને છેલ્લા 12 વર્ષ બાદ રોડની સુવિધા મળવા જઈ રહી છે. ડેભારીથી ગંધારી ગામને જોડતો મુખ્યમાર્ગ રાજ્ય સરકાર દ્વારા કરોડ રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે જે રસ્તાનું ખાતમુહૂર્ત મહિસાગર જિલ્લા પંચાયત પુર્વ પ્રમુખના પ્રતિનિધિ એસ.બી.ખાંટના હસ્તે કરવામાં આવ્યું છે ચોમાસા દરમિયાન આ માર્ગ પર ભૂવા પડવાથી લઈ રોડ ધોવાઈ જતાં વાહનચાલકોને સાથે ગ્રામજનો ઊબડખાબડવાળા રોડથી લોકો ત્રાસી ગયા હતાં. ત્યારે જિલ્લા પંચાયત પૂર્વ પ્રમુખ પ્રતિનિધિ એસ.બી.ખાંટ દ્વારા આ રસ્તા સતત માંગણી કરી મુખ્યમંત્રી સડક યોજના અંતર્ગત આ રસ્તાનું નવિનીકરણ કરવામા આવતા ગ્રામજનોએ એસ.બી. ખાંટનો આભાર માન્યો હતો આ નવીન રસ્તાના ખાતમુહૂર્ત કાર્યક્રમમાં મહિસાગર જિલ્લા પંચાયત પુર્વ પ્રમુખ મંજુલાબેન એસ.ખાંટ, એસ.બી.ખાંટ, ડેભારી ગ્રામ પંચાયત સરપંચ પ્રતીનીધી વિજયભાઈ, તાલુકા પંચાયત સદસ્ય, પૂર્વ સરપંચ હિરેન જોષી સહિતના ગ્રામજનો ઉપસ્થિત રહી નવીન રસ્તાનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

# માતરમાં પ્રતિબંધિત વસ્તુના વેચવા બદલ 9 વેપારી દંડાયા

**માતર તાલુકામાં** COTPA-2003 ના અમલીકરણ અંગે ડ્રાઇવ યોજાઇ



(પ્રતિનિધિ) ખેડા,તા.17

તમાકુ અને તેની બનાવટોના વેચાણ માટે ચોકકસ નિયમો બનાવવામાં આવેલા છે કે જેથી કરી તાલુકાના લોકો વ્યસનમુકત જીવન જીવી શકે. જેના અમલીકરણ અને જાગૃતિ માટે કલેકટર ખેડા-નડીયાદની લેખીત સૂચના મુજબ તાલુકા આરોગ્યતંત્ર માતરના નેતૃત્વ હેઠળ માતર તાલુકાના માતર ગામમાં જ રેઈડની કામગીરી કરવામાં આવી હતી. આ કામગીરીમાં આરોગ્યતંત્ર સાથે રેવન્યુ વિભાગ અને પોલીસ વિભાગ સાથે મળીને સંયુકત રેઈડ કરવામાં અવી હતી. જેમાં કુલ 9 દુકાનદારો પાસેથી COTPA-2003 ની કલમ 06ના ભંગ બદલ સ્થળ પર જ રુ-1000/- નો દંડ વસુલવામાં આવેલ હતો.

આ કામગીરી માતરના બસસ્ટેન્ડ, તાલુકા પંચાયત પાસે અને મેઈન રોડ પરના વિસ્તારમાં કરવામાં આવી હતી. જે મુજબ 18 વર્ષથી નીચેની વયની વ્યકિતઓને તમાકુ કે તમાકુ ઉત્પાદન ,વેચાણ-ખરીદી કે ઉપયોગ કરવા માટે પ્રતિબંધ ફરમાવેલ છે. તેમજ શૈક્ષણિક સંસ્થાઓની આસપાસના 100 વારના વિસ્તારમાં તમાકુ તે તમાકુની બનાવટોના વેચાણ પર પ્રતિબંધ છે. અત્રે ઉલ્લેખનીય છે કે દર માસે એક વખત આ રીતે COTPA-2003 ના અમલીકરણ અને જાગૃતિ માટે તાલુકાના અલગ-અલગ ગામોમાં રેઈડ ની કામગીરી કરવામાં આવશે.

## ઉત્તરસંડામાં જુગાર રમતા 3 શખ્સ પકડાયાં

(પ્રતિનિધિ) નડિયાદ, તા.17

વડતાલ પોલીસે ઉત્તરસંડા તળાવ ઉપર જુગાર રમતા ત્રણ અને મહેમદાવાદ પોલીસે દેવકી વણસોલ રોડ ઉપર જુગાર રમતા બે શખ્સને જુગાર રમતા પકડી પાડ્યાં હતાં.

વડતાલ પોલીસે ઉતરસંડા વહેરા તળાવ ઉપર રેડ પાડતા પત્તા પાનાનો જુગાર રમતા વિજય ઉર્ફે લાલો ભુલાભાઈ પરમાર, અજય ઉર્ફે બોડિયો બુધાભાઈ વસાવા તેમજ અર્જુન મનુભાઈને રોકડ રૂ.૯૩૦ સાથે ઝડપી પાડ્યા હતા.

મહેમદાવાદ પોલીસે દેવકી વણસોલ પ્રાથમિક શાળા સામે રોડ ઉપર જુગાર રમતા પ્રવીણ રાવજી તેમજ નરેશ ભેમા પરમારને જુગાર રમતાં પકડી પાડ્યાં હતાં. આ બનાવ અંગે મહેમદાવાદ પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

# વડતાલમાં દ્વિશતાબ્દી મહામહોત્સવની પત્રિકાનું પૂજન કરાયું

**દ્વિશતાબ્દી** મહામહોત્સવ 7મીથી તા.15 નવેમ્બર દરમ્યાન ઉજવાશે



(પ્રતિનિધિ) વડતાલ, તા.17

વડતાલધામમાં ઉજવાનાર શ્રી લક્ષ્મીનારાયણ દેવ દ્વિશતાબ્દી મહામહોત્સવની આમંત્રણ પત્રિકાનું પૂજન - લેખન કરવામાં આવ્યું હતું. આચાર્ય મહારાજે વડતાલના દેવોને પ્રથમ આમંત્રણ પત્રિકા પાઠવી. વડતાલ વડતાલધામ શ્રી લક્ષ્મીનારાયણ દેવ દ્વિશતાબ્દી મહામહોત્સવ તા.7 નવેમ્બર થી તા.15 નવેમ્બર દરમ્યાન ખૂબજ ધામધૂમ પૂર્વક ઉજવાનાર છે. જે અંતર્ગત તા.17 ના રોજ સવારે 9:00 થી 7:00 દરમ્યાન શુભમુર્હુતમાં આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજ તથા વડીલ સંતોના હસ્તે પત્રિકાનું પૂજન કરવામાં આવ્યું હતું. મહારાજએ વડતાલના દેવોને પ્રથમ પત્રિકા લખી હતી. સાથે સાથે છ ધામના દેવોને પણ આમંત્રણ પત્રિકા લખવામાં આવી હતી. બાદ વાજતે ગાજતે આચાર્ય મહારાજ -સંતો- હરિભક્તો સાથે પત્રિકા લઈ મંદિરની પ્રદક્ષિણા કરવામાં આવી હતી. અને દેવોને પ્રથમ પત્રિકા અર્પલ કરાઈ હતી. આ પ્રસંગે વડીલ સંતો, સંપ્રદાયના શ્રેષ્ઠીઓ, સહિત મોટી સંખ્યામાં હરિભક્તો જોડાયા હતા.

આ અંગે મંદિરના કોઠારી ડૉ.સંત સ્વામીએ જણાવ્યું હતું કે, આગામી તા.7મી નવેમ્બરથી 15મી દરમ્યાન શ્રી લક્ષ્મીનારાયલ દેવ દ્વિશતાબ્દી મહામહોત્સવ ખૂબ જ ધામધુમ પૂર્વક ઉજવાનાર છે. હવે મહોત્સવને આંગળીના વેઢે ગણાય તેટલા દિવસો બાકી રહ્યા છે. ત્યારે તા. ૧૭ ગુરૂવારના રોજ મંગલ પ્રભાતે આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજ તથા વડીલ સંતોના હસ્તે આમંત્રણ પત્રિકાનું પૂજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પ્રથમ વડતાલના દેવોને પત્રિકા લખવામાં આવી હતી. ત્યારબાદ છ ધામના દેવોને અને શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી દાદા સાળંગપુરને પત્રિકા લખવામાં આવી હતી. આ પ્રસંગે વડતાલ મંદિરના ચેરમેન દેવપ્રકાશ સ્વામી, સત્સંગ સભાના પ્રમુખ નૌતમપ્રકાશ સ્વામી, ધમપ્રિયદાસજી સ્વામી (બાપુ સ્વામી), ભક્તિપ્રકાશ સ્વામી (ભુલેશ્વર મુંબઈ), ગોવિંદપ્રસાદ સ્વામી - મેતપુરવાળા, વિવેક સ્વામી, સત્સંગભૂષણ સ્વામી, મોહન સ્વામી (નાર), શુકદેવ સ્વામી- નાર, પ્રભુતાનંદજી બ્રહ્મચારી (ટ્રસ્ટી), પા.લાલજીભગત (જ્ઞાનભાગ), પા. ધનસ્પામભગત (ટ્રસ્ટી), શ્રીવલ્લભ સ્વામી, કૃષ્ણપ્રિય સ્વામી તથા સત્સંગના અગ્રણી હરિભક્તોમાં મનોજભાઈ અજમેરા (મુંબઈ), અરવિભાઈ ડુંગરાણી, પંકજભાઈ પટેલ (વડોદરા), ભુપેન્દ્રભાઈ પટેલ (ભરૂચ) તથા મુખી પરિવાર મેતપુર-મુંબઈ, મહેન્દ્રભાઈ પટેલ (ટ્રસ્ટી). પત્રિકા લેખન બાદ સંતો-હરિભક્તોએ આરતી ઉતારી હતી. ચેરમેન દેવપ્રકાશ સ્વામી, નૌતમ સ્વામી, બાપુ સ્વામી વગેરે સંતોએ મહારાજશ્રીને પત્રિકા અર્પણ કરી હતી. ત્યારબાદ આચાર્ય મહારાજે વડતાલના દેવોને મહોત્સવની આમંત્રણ પત્રિકા પાઠવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્યામવલ્લભ સ્વામી એ કર્યું હતું.